# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૬૨૧૧

## સલામી સવારની..

સમાજમાં સંસ્કાર, નેતૃત્વમાં મૂલ્યો ખૂટે છે,
ને 'બાપુ' જેવા સંતો, 'સગીરા'ની લાજ લૂટે છે,
તૂટે છે મર્યાદા સંસદે 'અધ્યક્ષ' ખૂરશીની -
ને સૌ કોઇ પોતાની જવાબદારીથી છૂટે છે..

## હાઈકુ

ફિક્સ પગારે,
શોષણના આદેશો -
દે હાથોહાથ..!
(સરકારનો મોટો ઉપકાર)

કરે કાયદા,
સંસદ રાતોરાત -
માને છે કોણ?
(હવે મુંબઇમાં 'નિર્ભયા')

## ચિંતન

**રૂપયૌવના સંપન્ના વિશાલ કુલ સંભવાઃ ।**
**વિદ્યાહીનો ન શોભેન્તે નિર્ગંધા ઇવ કિંશુકાઃ ॥**

ચાણક્ય નીતિમાં વિદ્યાવિહીન વ્યક્તિની એવી ઉપમા આપી છે કે જે દેખાવે તો સુંદર રંગો ધરાવતું હોય પણ એમાં 'આકડા' ની જેમ જરા પણ સુગંધ ન હોય એવું ફૂલ - એટલે લોકો આવાં ફૂલની ઉપેક્ષા કરે છે.

'સુંદર રૂપવાળા, યૌવનથી યુક્ત, ઊંચાકુળમાં જન્મેલા છતાં જે વ્યક્તિ અભણ-વિદ્યાવિહીન હોય તેવી વ્યક્તિની લોકો ઉપેક્ષા જ કરે છે જેમ કે ફૂલ સુંદર રંગોથી મંડિત અને દેખાવે પણ શોભાયમાન હોય પણ જો એમાં સુગંધ ન હોય તો એવાં ફૂલની પણ ઉપેક્ષા કરે છે.'

જંગલ-વનમાં જાત-જાતના રંગબેરંગી નાનાં-મોટા ફૂલો થતાં હોય છે એ દેખાવે સુંદર હોય પણ એમાં 'સુગંધ' ન હોવાથી એની કોઇ જ ઉપયોગીતા રહેતી નથી. લોકો-મધમાખીઓ પણ એની ઉપેક્ષા કરે છે.

એવી રીતે, માણસ પણ રૂપે-રંગે ભલે દેખાવડો હોય, સારા-ઊંચા કુળમાં જન્મ્યો હોય પણ અભણ-નિરક્ષર-વિદ્યાવિહીન હોય તો લોકો તેની ઉપેક્ષા જ કરે છે. તેનું સંસાર-વ્યવહારમાં કોઇ જ સ્થાન-કે-માન હોતું નથી.

## સુવિચાર

- પ્રેરણા પાછળ પરસેવાનું પાણી ન વરસે તો એ પ્રેરણા થોડા વખતમાં જ રણ જેવી બની જાય છે **- નારાયણ મૂર્તિ**
- અનુભવ વગરનું જીવન જીવન નથી પણ કોરી કિતાબ છે અને તદ્દન કોરી કિતાબના પાના ઉથલાવવાથી શો ફાયદો!! **- વજુ કોટક**
- જેને કંઇ કરી બતાવવું છે, પ્રકાશવું છે, આગળ વધવું છે, એને કદી પ્રતિકુળ સંજોગોની શરમ લાગતી નથી **- જ્ઞાનસૂત્ર**
- રસ્તો બરાબર દેખાય તે હેતુથી ઇશ્વરે આકાશમાં સૂર્ય અને રાત્રે ચંદ્ર મુકયા છે, આમ છતાં માનવી નો કાયમી કકળાટ એજ રહે છે કે મારી આસપાસ અંધકાર છવાયો છે **- ઓશો**
- બીજ ભલે ઉત્તમ કોટિનાં હોય પણ જો એના ઉપર યોગ્ય માવજત કે મહેનત કરવામાં નહીં આવે તો એ કોઇ દિવસ પ્રકાશ નહીં પામે **- સંત રોબિન**
- જીવનમાં દુર્ગંધના દૂત કરતાં આપણે સુવાસના સોદાગર બનીયે **- ભાનુચંદ્ર**
- યાત્રિક કદી ગતિનો ત્યાગ ન કરે, જો ગતિનો ત્યાગ કરશે તે જ પળે તે પથ્થર બની જાય છે **- ઇરાની કહેવત**

## બોધ કથા

આજકાલ મંદિરના ઉત્સવો, કથાઓ, નેતાઓની રેલી, ચૂંટણીઓ, વસ્તુના વેંચાણ માટે સ્થળ, યાત્રાધામો, પર્યટન સ્થળો બધાંમાં 'પ્રચાર'ની ખૂબ જ જરૂરત ઉભી થઈ છે. માત્ર મૌન રહી કાર્ય કરી જાતે દીપી ઉઠવાનો આ જમાનો નથી.

અમેરિકાના ધનપતિ તથા ઉદ્યોગપતિ સાથે સિદ્ધાંતવાદી એવા એન્ડ્રુ કાર્નેગી એ કદી પોતાનાં વ્યવસાયિક ઉત્પાદનની જાહેરાતમાં માનતા ન હતા અને કહેતા-મારાં ઉત્પાદનની ગુણવત્તા જ એનું પ્રમાણપત્ર અને પ્રચાર છે.

વિજ્ઞાપન કંપનીના પ્રચારકો ખૂબ જ હોંશિયાર હોય છે એવા લોકો હિમાલયમાં પણ ફ્રીજ વેંચી આવે અને રણમાં રેતી વેંચી આવે! વિજ્ઞાપન કું નો એક એજન્ટ કાર્નેગી પાસે આવ્યો અને ધંધાના વિજ્ઞાપન-જાXખ પ્રચાર માટે સમજાવવા લાગ્યો. કાર્નેગીએ સ્પષ્ટ શબ્દોમાં પોતાની માન્યતા અને સિદ્ધાંત કહી તેને જવા માટે કહ્યું.

એજન્ટ ઉઠતો જ હતો, ત્યાં કાર્નેગીના મકાનની બાજુમાં આવેલા ચર્ચનો 'ઘંટારવ' થયો. એજન્ટ ફરી બેસી ગયો. અને કાર્નેગીને પૂછ્યું, સાહેબ આ દેવળ કેટલા વર્ષ જૂનું છે? 'સો વર્ષ' કાર્નગીએ કહ્યું. એજન્ટ કહે, આપણા શહેરના તમામ લોકો આ જાણે છતાં ય પ્રેયર વખતે ઇશ્વરને પણ કહેવું પડે છે કે 'હું અહીં છું.' આવો. આ પ્રચારની જ એક રીત છે.

... અને કાર્નેગી ઉત્પાદનની જાહેરાત માટે સંમત થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# જે પોતાની જિંદગીને સેવાયજ્ઞમાં સમિધ બનાવી હોમે છે એ જ ઈશ્વરતત્ત્વને પામે છે

## સમષ્ટિની આરાધના - ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

વ્યષ્ટિથી સમષ્ટિનો માર્ગ કંટકછાયો છે, વિકટ છે. એ માર્ગ પર ચાલનારે પોતાના ભાવવિશ્વનો વિસ્તાર કરવો પડે છે. વ્યક્તિગત સુખ-દુઃખ અને ગમાઅણગમાનો ત્યાગ કરી સમષ્ટિગત બાબતોનો વિચાર કરવાની વૃત્તિનો અભ્યાસ કરવો પડે છે. મન અને આત્માની શક્તિ સમાજ માટે કેન્દ્રિત કરવી આવશ્યક બને છે. અને સહજ પણ બને છે. આ બધાનો આધાર સંવેદનશીલતા છે. મન સંવેદનશીલ બને છે- પણ પોતાના માટે નહીં, સમગ્ર સમાજ માટે. અને એમાંથી જ ત્યાગભાગનાનો વિકાસ થાય છે.

સમષ્ટિભાવના આરાધકોના વ્યક્તિત્વ અને જીવનની ઊંચાઈ ઘણી ગોચ છે પરંતુ એમની વિશેષતા જ એ હોય છે કે એમની અસામાન્યતા સામાન્ય મનુષ્યોમાં સમરસ થઈ જાય છે. સમાજની છાયામાં જ પોતાની છાયાને તેઓ એકાકાર બનાવી દે છે.

ઓગણીસમી સદીના વિખ્યાત લેખક તથા પત્રકારશ્રી સખારામ મ. દેઉસ્કર એકવાર પોતાના બે મિત્રોની સાથે સ્વામી વિવેકાનંદજીને મળવા ગયા. વાતચીત દરમિયાન સ્વામીજીને ખબર પડી કે આગંતુકોમાંના એક સજ્જન પંજાબના નિવાસી હતા. તે દિવસોમાં પંજાબમાં દુષ્કાળ પડયો હતો. સ્વામીજીએ દુષ્કાળપીડિત લોકો માટે ચિંતા વ્યક્ત કરી અને એમના માટે કેવા પ્રકારનું સહાયતાકાર્ય ચાલી રહ્યું છે તેની પૂછપરછ કરી. ત્યારબાદ તેઓ શિક્ષણ, નૈતિક શિક્ષણ અને સામાજિક ઉન્નતિના વિષયોમાં વાતચીત કરતા રહ્યા. છેલ્લે સ્વામીજીની વિદાય લેતાં એ પંજાબી ગૃહસ્થે વિનયપૂર્વક કહ્યું, 'મહારાજ! હું તો આપની પાસે ધર્મ સંબંધી ઉત્કૃષ્ટ ઉપદેશ સાંભળવાની આકાંક્ષાથી આવ્યો હતો... પરંતુ આપ તો સામાન્ય વિષયની જ ચર્ચા કરતા રહ્યા. કોઈ વિશેષ જ્ઞાન અમને પ્રાપ્ત થયું નહીં.'

સ્વામીજી એક ક્ષણ ચૂપ રહ્યા અને પછી ગંભીર સ્વરે બોલ્યા, 'ભાઈ! જ્યાં સુધી મારા દેશમાં એક પણ બાળક ભૂખ્યું હશે ત્યાં સુધી એને ખવડાવવું અને સંભાળવું એ જ સાચો ધર્મ છે. એના સિવાય જે કંઈ છે તે ખોટો ધર્મ છે. જેનું પેટ ખાલી છે તેમની સામે ધર્મનો ઉપદેશ કરવો નર્યો દંભ છે. પહેલાં એમને રોટલીનો ટુકડો આપવાનો પ્રયત્ન કરવો જોઈએ.' પારલૌકિક દૃષ્ટિ ધરાવનારા મહાપુરુષો સમાજના શોષિત-પીડિતો લોકોના ઐહિક વિકાસની પાયાની ચિંતા કરતા હોય છે. ગુફામાં બેસી જઈ ધ્યાન ધરવું એ ધર્મ નથી. ગરીબોનાં નાનકડાં ઝૂંપડામાં જઈ એમનાં આંસુ લૂછવાં એ સાચો ધર્મ છે. કલાકો સુધી ચંચળ મનથી ભગવાનની પ્રતિમા સામે બેસી 'નાસ મણકા મણકો આવ્યો...' એવી માળા ફેરવવાથી ઈશ્વરતત્વનો સાક્ષાત્કાર થતો નથી, પરંતુ પીડિતોનાં દુઃખ-દર્દને સમજવામાં વિતાવેલી એકાદ પળમાં ઈશ્વરનાં દર્શન થાય છે.

પૂર્વ બંગાળના કેટલાક જિલ્લામાં દુષ્કાળ પડયો હતો. સ્વામી વિવેકાનંદ પીડિતો માટે અન્ન અને ધન એકત્રિત કરી રહ્યા હતા. જ્યારે તેઓ ઢાકા ગયા ત્યારે કેટલાક વેદાંતીઓ એમની સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યા. સ્વામીજીએ તેમને આદરથી બેસાડ્યા અને દુષ્કાળની ચર્ચા કરતાં કહ્યું, 'જ્યારે હું દુષ્કાળપીડિત લોકોની વ્યથા સાંભળું છું ત્યારે મારી આંખમાં આંસુ આવી જાય છે. શું ઈચ્છા હશે પ્રભુની!'

આ સાંભળીને બધા પંડિતો મૌન રહ્યા અને એકબીજા સામે જોઈને હસવા લાગ્યા. એમની આવી વિચિત્ર પ્રતિક્રિયા જોઈને સ્વામીજી સ્તબ્ધ બની ગયા. થોડીવાર ચૂપ રહીને સ્વામીજી પૂછી બેઠા, 'આપ સહુ મારી વાત પર કેમ હસી રહ્યા છો' એક પંડિતે કહ્યું, 'સ્વામીજી! અમે તો એમ માનતા હતા કે આપ વિતરાગ સંન્યાસી છો. સાંસારિક સુખ-દુઃખથી પર છો. પરંતુ આપ તો આ નાશવંત શરીર માટે આંસુ સારો છો.'

સ્વામીજી એમનો તર્ક સાંભળીને અવાક્ બની ગયા. આવેશમાં આવીને તેમણે એક ડંડો ઉઠાવ્યો અને પંડિતો તરફ આગળ વધીને કહ્યું, 'લો, આજે તમારી પરીક્ષા છે. આ ડંડો તમારા આત્માને નહીં મારે, માત્ર નશ્વર દેહને જ મારશે! જો તમે સાચા પંડિતો હો તો તમારી જગ્યા છોડશો નહીં.'

પછી તો થઈ ગઈ જોવા જેવી! પંડિતો પોતાનું બધું શાસ્ત્રજ્ઞાન ભૂલી ગયા અને એવા ભાગ્યા કે પોતપોતાના ઘેર જઈને જ અટક્યા!

પોતાના માટે નહીં, પરંતુ સમાજનાં બંધુ-ભગિની માટે આંખમાંથી આંસુ વહી નીકળવાં એ તો સંવેદનાનું અમીઝરણું છે. સમાજની એ સાચી મૂડી છે. કોઈ સંવેદનશીલ ચિંતકે કહ્યું છે, 'આંસુ એટલું તો સાબિત કરે છે કે હજી માણસમાં એવું કશુંક બચ્યું છે જે વહી શકે છે.'

'વ્યષ્ટિ'ના સીમિત વર્તુળમાંથી મનુષ્ય જ્યારે 'સમષ્ટિ'નું અસીમિત અખંડ વલય દોરવાની શરૂઆત કરે છે ત્યારે ચમત્કારિક પરિણામો સર્જાય છે. ન ધારેલું બને છે.

એકવાર શ્રાવસ્તી નગરીમાં ભયંકર દુષ્કાળ પડયો. ભગવાન બુદ્ધે અનુયાયીઓને પૂછ્યું, 'તમારામાંથી ભૂખ્યાંને ભોજન આપવાનું કોણ માથે લે છે?'

પ્રભાકર શાહુકારે માથું ધુણાવી કહ્યું, 'દુષ્કાળના પીડાગ્રસ્ત લોકોની વ્યવસ્થા માટે મારી સંપત્તિ અપર્યાપ્ત છે.'

રાજયના સેનાપતિએ કહ્યું, 'હું મારા પ્રાણ આપીદઉં, પણ મારા ઘરમાંએટલું ધન નથી.'

જમીનદાર ધર્મપાલ બોલ્યા, 'દુષ્કાળને લીધે મારી જમીન સુકાઈ ગઈ છે. નહિતર હું પ્રયાસ કરત.'

બધા બોલી રહ્યા.

છેવટે એક ભિખારીની છોકરી સુપ્રિયા ઊઠી. સૌને વંદન કરીને એ બોલી, 'હું ભૂખ્યાંને ભોજન આપીશ.'

બધા હસી પડ્યા...'કેવી રીતે?'

સુપ્રિયાએ અત્યંત સંવેદનાપૂર્વક છતાં આત્મવિશ્વાસથી જવાબ આપ્યો, 'તમારા બધામાં હું સૌથી ગરીબ છું... અને એ જ મારી શક્તિ છે. ઘેર ઘરે જઈને થોડું થોડું માંગી હું અન્ન એકઠું કરીશ.'

સાંભળનારા બધા સ્તબ્ધ હતા!

આ છે સમષ્ટિભાવના...! આ છે સમષ્ટિની આરાધના! આપણી જાત માટે ને આપણી ઈશ્વરદત્તા શક્તિઓ માટે આપણે સન્માનનો ભાવ રાખીએ ને અન્યને સહયોગ આપવામાં એનો ઉપયોગ કરીએ. એવું સેવાકાર્ય શોધી કાઢીએ જેના દ્વારા આપણે અન્યોનાં જીવનને વધારેમાં વધારે સારી રીતે સભર અને સમૃદ્ધ બનાવી શકીએ. જે પોતાની જિંદગીને સેવાયજ્ઞમાં સમિધ બનાવી હોમે છે એ જ ઈશ્વરતત્ત્વને પામે છે.

વ્યક્તિગત નહીં, પણ સમાજના અગણિત ઘટકોની સાથે લયબદ્ધ ઉઠતાંને શમી જતાં મોજાં જેવાં આપણે સહુ છીએ. એવા જીવનનાં સુખ-દુઃખ સાથે રહીને વહેંચવાં, સાથે ઉત્થાન કરવું અને ગતિ કરવી- એમ આપણી આસપાસના જીવન સાથે એકરૂપતા અનુભવવી એ આપણી આધ્યાત્મિક અને સામાજિક આવશ્યકતા છે. આ આવશ્યકતાની પૂર્તિ સમષ્ટિની આરાધના... માત્ર સમષ્ટિની આરાધનાથી જ થઈ શકશે.


# સ્વથી સકળ સુધી વ્યાપેલી કાવ્યયાત્રાના સર્જકને 'વિશ્વાસ છે હજી'

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

જીવનની કેટલીક ઘટનાઓ અનુભૂતિને તીવ્ર કરી દે, ત્યાર ઘૂંટાયેલી સંવેદનાઓ કોઇને કોઇ રીતે વ્યક્ત થઇ જાય છે. હાવભાવ, વાણી, વ્યવહાર કે વર્તન તરીકે પ્રગટ થતી એ અનુભૂતિઓ સમયનાં પ્રવાહમાં કયાંક... કયાંક ખોવાઇ જતી હોય છે. ભૂતકાળમાં ભળી જતી હોય છે, તો કયારેક માનસ પટે સ્મૃતિઓ થઇ સચવાઇ રહેતી હોય છે. પણ જો એ કાગળ પર અવતરે તો સર્જન પ્રક્રિયા થકી કૃતિઓને જન્મ આપી જાય છે.

હાં, આજે મારે તમને આવા જ એક સર્જનની કૃતિઓની પરિચય કરાવવો છે. સુંદર પુષ્પો અને પતંગિયાનું મુખપૃષ્ઠ ધરાવતો સી.એસ. ઓઝા જેને આપણે ચંદુ મહેસાનવીના નામે તુરત જ ઓળખી જઇએ છીએ. તેમની ગઝલો અને અછાંદસ રચનાઓનો સંગ્રહ 'વિશ્વાસ છે હજી' નામે પ્રગટ થયો છે. આ સંગ્રહમાં ૩૧ ગઝલો અને ૨૩ જેટલી અછાંદસ રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડો. રસીદ મીર તેમની રચનાઓ વિષે જણાવે છે કે 'શ્રી મનુભાઇ ત્રિવેદી 'ગાફિલ' પછી આ પણ એવા સર્જક છે જેમને કાયદા જેવા શુષ્ક અને નિર્લેપ વ્યવસાય સાથે પનારો પડ્યો હોવા છતાં તેના ઉર્મીશીલ હૈયાંની ધરોહર સાબુત છે. ગઝલ, હઝલ, મુક્તક એમ અનેક સ્વરૂપે તેમને પોતાની ઉર્મીઓને વહાવી છે. કાનૂન સાથે સીધી નિસ્બત હોવાથી ગઝલમાં એણની તર્કસંગતતા અને દાવા-દલીલ જેવાં ન્યાયિક સમીકરણો ઉમેરાતાં શિસ્ત વધુ સુશ્લિષ્ટ બને છે.' તો વળી યશવંત કડીકરના મતે કવિ ગઝલ નામની ચીજ માટે નશીલો ઉત્સાહ ધરાવે છે.




ડો. મફત ઓઝાએ તેમની રચનાઓને પ્રમાણતા એમ કહેલું કે ચંદુ મહેસાનવીની કવિતામાં લોક સ્પર્શની આગવી તાકાત છે. એમની કાવ્યયાત્રા સ્વથી આરંભી સકળ સુધી વ્યાપેલી છે. આ બધામાં એમની હળવી પળો અને ગંભીર ચિંતનનાં વહેણ માણી પ્રમાણી શકાય છે. તેઓ સાંપ્રત સમાજના કાવ્ય વિષય તારવી લે છે, અને એમની કવિતા પુરી ગંભીરતા સાથે એની પ્રતીતિ કરાવે છે.

લોકો બીજો કોઇ ખજાનો લૂંટી શકે છે પણ દર્દના દોલત કોઇ લૂટતું નથી. આ દર્દ એ સર્જકની અનામત અને સલામત મૂડી છે. આ દર્દ એ દરેક સંવેદનશીલ હૃદયને વારસામાં મળ્યું છે. તેથી કવિ વેદનાની વાત લખે તો પણ અનુભવ તો આનંદનો જ આપે છે. કારણ કે કવિની કવિતા એ એના પર વીતેલી વેદનાના અર્ક છે.

ક્ષણને ઓળખવી, ક્ષણને પકડવી, ક્ષણને મરવા દેવી, ક્ષણને પચાવવી, ક્ષણને નિભાવવી, ક્ષણને નિચોવવી, ક્ષણને સંઘરવી, ક્ષણને ખરચી નાખવી, ક્ષણ ઉગાડવી... એવી વિવિધ ક્ષણઓએ સંઘરાયેલા શબ્દને માત્ર કોમળતાથી સ્પર્શો, તો છપાયેલી કવિતાનાં નિર્જીવ દેખાતો શબ્દ ભાવકના મનમાં પાંખો ફફડાવીને ઉડવા માંડતો હોય છે. ત્યારે જ આપણને કવિ પાસેથી ગઝલની આવી સુંદર પંક્તિઓ મળે છે.

કાગડા કાકા કરે તો આપજો,
કોયલો ગાગા કરે તો આવજો,
આ દલીલોનું હવે શું કામ છે?
લાગણી સાચી ઠરે તો આવજો.
કારણ કે -
જિંદગીમાં કયાં કદી વિરામ છે,
રાતભર જાગ્યા છતાં સંગ્રામ છે,
લાગણીથી ઓળખી મિત્રો શક્યા,
મુજ છાતીમાં હજી તો ડામ છે,

તેમ છતાં કવિનો વિશ્વાસ ખૂટ્યો નથી, તેથી જ તે પોતાની વાત ગઝલના શેરમાં આ રીતે કહે છે.

શોધ્યા કરે છે પાંપણો તને,
ને આંખમાં પાંપણઓ તને,
દેખાય ના તું પાસ માં કહી,
આ વિશ્વમાં ચોપાસ છે હજી,

કવિની અછાંદસ રચનાઓ પણ સ્પર્શી જાય તેવી છે. તેઓ ધર્મના સોદાગરોને પુછે છે કે -

હું શુદ્ર છું
તે છતાયં મને
પેલી પરોઢની ઠંડી હવા અને
સૂરજનો માસુમ તડકો
સ્પર્શી શકે છે.
મને કોઇ પણ
ગુલશનનાં ફૂલોની ખુશબો
સ્પર્શી શકે છે
આકાશમાં ફરતા ચંદ્રની ચાંદની, પંખીનો ટહુકો
સ્પર્શી શકે.
માત્ર ધર્મના સોદાગરો નહિ'
એમ કેમ?

આ ઉપરાંત સમાન અધિકાર,અમદાવાદ, આદત, નાટક, તાકાત, ચશ્મા, નામ વિગેરે પણ ભાવક મનને ભીંજવે તેવી રચનાઓ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વર્તમાન યુગની સાવિત્રી તો ઉલટાની બેવડા બંધનમાં, બેવડી ગુલામીમાં આવી પડી છે, એક હાથે રસોડામાં રસોઈ કરીને ઘરનાં સભ્યોને જમાડે તો બીજે હાથે ટેલિફોનના આંકડા દબાવીને ઓફિસના કામો કરતી જાય

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

સાવિત્રીનું નામ ભારતીય સમાજની કોઇ પણ વ્યક્તિ માટે અજાણ્યું નથી. મહાભારતમાં અને અન્ય કેટલીક પુરાણકથાઓમાં સાવિત્રીની કથા વારંવાર કહેવાઇ છે. આ કથાને આધારે, પરિણિત સ્ત્રીઓ માટેના એક વ્રતનું પણ આવિષ્કરણ થયું છે, જેમાં સ્ત્રી પોતાના પતિના સ્વાસ્થ્ય માટે અને દિર્ઘાયુ માટે પ્રાર્થના, પૂજા, ઉપવાસ કે જાગરણ કરે છે. આમ છતાં, કદાચ કોઇ જનસમૂહમાં સાવિત્રીનું નામ અજાણ્યું હોય એમ બને. નવી પેઢીના ઘણાને પણ કદાચ એનો પરિચય ન હોય. શ્રાવણ મહિનામાં વટ-સાવિત્રીનું વ્રત રાખીને પૂજા કરવા જતી સ્ત્રીઓને જોઇને ઘણાને અચરજ થતું હોય એમ પણ બને. માટે એ સૌના હિતાર્થે પ્રથમ તો આપણે ખૂબ ટૂંકાણમાં સાવિત્રીકથા જાણીએ.

'સાવિત્રી' નામનો શબ્દાર્થ તો સૂર્ય (સવિતૃ) ની પુત્રી એવો થાય. એ વનવાસી ઋષિની પુત્રી હતી. યુવાન થઇ એટલે સત્યવાન નામના યુવક સાથે એનાં લગ્ન થયા. દંપતી સુખચેનની રહેતા હતા. એવામાં એક દિવસ વનમાં લાકડાં વીણવા જતાં સત્યવાનને નાગ કરડ્યો અને એ મરણ પામ્યો. તરત જ એના 'આત્મા'ને યમલોકમાં લઇ જવા માટે ખુદ યમરાજ આવ્યા. મૃત્યુના એ દેવતા જયાં પોતાનાં ગાળિયા વડે સત્યવાનનો આત્મા બાંધવા ગયા એવી જ સાવિત્રી કરગરી પડી કે મારા પતિને ન લઇ જાવ. અમે હજુ નાના છીએ. જીવનનાં લાહવા લેવાના બાકી છે. અમે પાપરહિત જીવન જીવ્યા છીએ. અમારી જોડી અખંડ રહેવી જોઇએ વગેરે... પુરાણોમાં તો યમરાજ અને સાવિત્રી વચ્ચેના ખૂબ લાંબા સંવાદ અપાયા છે. પણ બધી વાતનો સાર એ છે કે, સાવિત્રીની પતિભક્તિ જોઇને, પતિના જીવન માટેની એની આર્જવભરી વિનંતી જોઇને, યમરાજે સત્યવાનને પાછો જીવિત કર્યો. પછી સાવિત્રીને જણાવ્યું કે દરેક યુગે જે કોઇ સ્ત્રી તારા જેવી પતિભકત હશે, એને મરતાં લગી પતિસુખ મળશે. એટલે કે એનું સૌભાગ્ય અખંડ રહેશે.



આવી વાર્તા દ્વારા ભારતીય સમાજની સ્ત્રીઓને સૂચવવામાં આવ્યું કે પતિની સેવામાં, પતિની આજ્ઞા ઉઠાવવામાં, સ્ત્રીજીવનની સાર્થકતા છે. પહેલા પુરાણકથાઓમાં સ્ત્રીનું નિરૂપણ આદર્શ નારી તરીકે કરવામાં આવ્યું છે. પુરૂષ (પતિ) હંમેશા વટભેર ખુરશીમાં બિરાજમાન રહેતા. એમના ચહેરા પર મગરૂરી હોય. એમની બેસવાની ઢબમાં સત્તાવાહિત્તા રહેતી. બેસવાની ખુરશીની બાજુમાં કડી લાકડી પણ સત્તાનું પ્રતિક ગણાતી અને સ્ત્રીઓ પતિદેવની પાછળ મસ્તક નમ્રતાથી નમાવીને ઊભી રહેતી. એમની આંખો નિમિલિત હોય. એ પતિ પર ભક્તિભાવે નોંધાયેલી હોય. હાથમાં પંખા વડે પતિદેવને હવાનાખે. પોતાના સ્વામીને જરાય ગરમી ન લાગે એવી કાળજી રાખે. પહેલાના જમાનામાં સ્ત્રીની ભૂમિકા દાસી જેવી રહેતી.

પુરાણકથા પછીનો સમય પણ સ્ત્રી પતિની પાછળ જ રહેતી. હજુ એને પતિની સાથે ખભેખભા મિલાવીને ચાલવાની આઝાદી મળી નથી. એ સમયે સ્ત્રીઓ હીઠ ભણેલી રહેતી. એમના પહેરવેશમાં પણ થોડી આધુનિકતા જોવા મળતી.

તેઓ કોણી સુધીની બાયનું બ્લાઉઝ પહેરી રાખતા અને સાડી વડે મસ્તક કયારેક ઢાંકતા તો કયારેક ખુલ્લું રાખતા. એ સમયના પતિદેવો દેશસેવામાં રહેતા. કાયરેક પતિની સાથે આઝાદી જંગનાં સૂત્રો પોકારતા ચાલતા. પતિના વલણને અનુસરનાર તરીકે સ્ત્રી એની પાછળ ધ્વજ પકડીને ચાલી રહેતી. સ્ત્રીએ પતિને અનુસરવાનું રહેતું. અહીં સ્ત્રીનો પતિ જાહેર જીવનમાં આંદોલનાત્મક કામમાં સક્રિય હોવાને કારણે સાવિત્રી એવી રીતે એને અનુસરી રહેતી.

વર્તમાન યુગની સાવિત્રી તો ઉલટાની બેવડા બંધનમાં, બેવડી ગુલામીમાં આવી પડી છે. એક હાથે રસોડામાં રસોઇ કરીને ઘરનાં સભ્યોને જમાડે તો બીજે હાથે ટેલિફોનના આંકડા દબાવીને ઓફિસના કામો કરતી જાય. સ્ત્રીને હજુ પણ અગાઉની ઘરકામની, ઘર સાચવવાની, બચ્ચાને જન્મ આપવા તથા ઉછેરવાની, પતિની સુખ-સુવિધા, ક્ષુધા સંતોષવાની કામગીરી તો કરવાની છે જ, સાથે સાથે કશોક ને કશોક વ્યવસાય સંભાળવાનો છે. કદાચ એ નોકરી કરતી હોય, યા લોકોનાં બચતનાં નાણાંનો વહીવટ કરતી હોય, યા વડી-પાપડ-ખાખરા બનાવતી અને વેચતી હોય... એવા અનેક પ્રકારે એણે પણ પરિવારના નાણાંભંડોળમાં ફાળો આપવો પડે છે. ના એ પતિની સુખાકારી માટે ખાસ કશી વ્રત ઉપવાસ નથી કરતી, પરંતુ એ પતિની સુખાકારી માટે ઓર અધિક કામ કરે છે, એ પરિવારમાં કેટલાક નાણાંનો ઉમેરો કરે છે, જેથી કેટલાક ખર્ચ એના થકી નીકળે અને પતિ ઉપર એટલો ઓછો બોજો રહે. તમે જોઇ શકશો કે આ પણ 'સાવિત્રી કાર્ય' થયું! પુરાણની સાવિત્રી પતિના પ્રાણ માટે યમરાજ સામે ભીડાઇ ગઇ હતી. વર્તમાન સાવિત્રી નોકરીની કઠણાઇઓ સામે, રસ્તે રઝળતા રોમિયો સામે, ઓફિસમાં ડોળા ડબકાવતા સુપરવાઇઝર સામે કે શાળામાં પીઠ પંપાળતા આચાર્ય સામે ભીડાઇ જાય છે. આવું બધું સહન કરીનેય એ પતિને કમાણી કરવાની મજૂરીમાં થોડીક રાહત આપે છે અને એ રીતે એની આવરવત વધારે છે - સાવિત્રીની જેમ!

વાસ્તવમાં એને પોતાને ખાતર, પોતાના સુખ અને આનંદને માટે સ્ત્રી હજુય જીવી શકતી નથી. હા, શિક્ષણ અને સમજણ આ સ્થિતિમાં જરૂર પરિવર્તન આણશે. પોતે પણ પરિવારનાં અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે એવો સ્ત્રીને જયારે અહેસાસ થશે, ત્યારે એ સાવિત્રીમાંથી સખી બનશે, સમાન સાક્ષી બનશે, સમગ્ર નારીસમાજની એ દિશામાં ઝડપી ગતિ હો!